Dome

અભિયાન મેગેઝીન
તા- 07/08/2021
પેજ નં- 45

# BAOU કોરોનામાં મૃત્યુ પામનારા વિદ્યાર્થીઓની ફી પરત કરશે, પરિવારને અપાશે રૂ. ૧૧,૦૦૦ની સહાય

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો મહામારીમાં માનવતાવાદી નિર્ણય. કોરોનામાં કમાનાર સ્વજન ગુમાવનારાને અપાઈ રહ્યો છે નિ:શુલ્ક પ્રવેશ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ પોતાની શૈક્ષણિક ફરજ બજાવવાની સાથે સાથે સામાજિક જવાબદારીઓ પણ નિભાવી રહી છે. યુનિવર્સિટીના ૭૫થી વધારે અભ્યાસક્રમોમાં ઑગસ્ટ-૨૦૨૧નું પ્રવેશકાર્ય ચાલી રહ્યું છે ત્યારે યુનિવર્સિટીએ કેટલાક ઉદાત્ત નિર્ણયો લીધા છે. કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારી વચ્ચે યુનિવર્સિટીએ કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયના નેતૃત્વમાં બોર્ડ ઑફ મેનેજમેન્ટે એક મોટો માનવતાવાદી નિર્ણય કર્યો છે કે કોરોનાને કારણે મૃત્યુ પામનારા યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓને ફી પરત કરવામાં આવશે, એટલું જ નહિ, તેના પરિવારને રૂ. ૧૧,૦૦૦ની આર્થિક સહાય પણ કરવામાં આવશે. કોવિડ-૧૯ મહામારીમાં માતા-પિતા ગુમાવ્યા હોય, ઘરમાંથી એકમાત્ર રોજીરોટી કમાનાર વ્યક્તિ તરીકે પતિ, પિતા કે દીકરો ગુમાવ્યો હોય કે ઘરમાં રોજીરોટી કમાનાર કોઈ પણ વ્યક્તિ રહી ન હોય તેવા સંજોગોમાં કોઈ પણ વ્યક્તિ આ યોજના હેઠળ ઑગસ્ટ-૨૦૨૧ના પ્રવેશસત્રમાં વિનામૂલ્ય તથા એકદમ આસાનીથી પ્રવેશ મેળવી શકશે તેમજ અભ્યાસક્રમ પૂરો કરીને પોતાની કારકિર્દી ઘડી શકશે.